# <u>તારાંકિત પ્રશ્ન અંગે ટૂંકીનોંધ</u>

**માન. અધ્યક્ષશ્રી,**

વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓને **કુલ – ૮** નિગમો ( બિન–અનામત નિગમ અને દિવ્યાંગ નિગમ સિવાય) મારફત અપાતી લોન – સહાય ઉપરાંત પ્રિ અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ, વિદેશ અભ્યાસ લોન અને આવાસ યોજનાઓ જેવી અનેકવિધ યોજનાઓનો લાભ આપવા માટે નિયામકશ્રી–વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી – અનુસૂચિત જાતિ કલ્યાણનું અલાયદુ તંત્ર અસ્તિત્વમાં છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે નિયામકશ્રી – વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી – અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ચલાવવામાં આવતી કલ્યાણકારી યોજનાઓ માટે અનુક્રમે **રૂા. બે  હજાર એકસો બાર કરોડ** અને **રૂા. બારસો ચાલીસ** જેટલી માતબાર રકમની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં નિયામકશ્રી – વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં **રૂા. એક હજાર પાંચસો તેત્તાલીસ કરોડ**નો ખર્ચ (જાન્યુઆરી–૨૦૨૪ અંતિત) કરી દેવામાં આવ્યો છે. જ્યારે સમાન પ્રકારે નિયામકશ્રી – અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા **રૂા. આઠસો એકાવન કરોડ**નો ખર્ચ કરવામાં આવ્યો છે. અત્રે એ  બાબત ઉલ્લેખનીય છે કે ખર્ચની આ રકમ કુલ – ૮ નિગમો દ્વારા અપાતી લોન સહાય ઉપરાંતની છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટેના કુલ ૮ નિગમો માટે **રૂા. ૧૯૮ કરોડની નાણાકીય જોગવાઈ નાણાકીય વર્ષ ૨૦૨૩–**

**૨૪માં કરવામાં આવેલ હતી.** આ તબક્કે માન. નાણામંત્રીશ્રી અને માન. મુખ્યમંત્રીશ્રીનો વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ વતી સવિશેષ આભાર પ્રગટ કરવા ઈચ્છું છું. તેઓશ્રીએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં આ ૮ નિગમો માટેની જોગવાઈઓમાં માતબર વધારો કરી **રૂા. બસો ત્રાણુ કરોડની** રકમ ફાળવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ની સરખામણીમાં આ જોગવાઈ અંદાજિત ૫૦% જેટલી વધારે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર ''સૌનો સાથ અને સૌનો વિકાસ''ના મંત્રને વરેલી સર્વ સમાવેશીય સરકાર છે. અમારી સરકાર તમામ નબળા વર્ગોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. તાજેતરમાં જ ભારતના માન. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમાજના ચાર વર્ગો ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ અથાર્ત જ્ઞાનના ઉત્કર્ષ ઉપર ભાર મુકેલ છે. ઉક્ત સુત્રમાં પણ ''ગરીબ''ની અગ્રતા અમારી સરકાર માટે સૌથી પહેલી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હું આપના માધ્યમથી વિરોધપક્ષમાં બેઠેલા સાથી ધારાસભ્ય મિત્રોને કહેવા માંગુ છું કે, આંકડાકીય હકીકતોથી સદંતર વેગળું અને બદ–ઈરાદાપુર્વકનું તેમનું આ અર્થઘટન ''ભાગલા પાડો અને રાજ કરો''ની હીન માનસિકતા પ્રગટ કરે છે. અમારી સરકારે સુદ્રઢ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની સાથે–સાથે સામાજિક અને આર્થિક ક્ષેત્રો માટે પણ પૂરતા પ્રમાણમાં નાણાં ઉપલબ્ધ કરાવેલા છે.

************